# સંશોધન નિયામકશ્રીની કચેરી

આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ-૩૮૮ ૧૧૦

વંચાણે લીધી : અત્રેની કચેરીની તા.03/03/૨૦૨૧ની નોંધ પર માન.કુલપતિશ્રીએ આપેલ મંજુરી

## પરિપત્ર

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, GeM (ગર્વમેન્ટ ઇ-માર્કેટ પ્લેસ) પર કોઇ વિભાગ દ્વારા બીડ કરવામાં આવે અને સદર બીડમાં ત્રણ કરતા ઓછા સેલર અને બે કરતા ઓછા ઓઇએમ (ઓરીજીનલ ઇકવીપમેન્ટ મેન્યુફેકચરર)/બ્રાન્ડ દ્વારા ભાગ લેવામાં આવે તેવા સંજોગોમાં ખરીદી માટે આગળની કાર્યવાહી હાથ ધરવા સક્ષમ અધિકારીની મંજુરી ધરાવતું સર્ટીફીકેટ (Competent Authority Approval Certificate) રજુ કરવાનું થાય છે.

આ બાબતે ખરીદી પ્રક્રિયામાં પારદર્શકતા તેમજ સરળતા જળવાઇ રહે તે હેતુસર વંચાણે લીધેલ નોંધ પર માન.કુલપતિશ્રી દ્વારા આપવામાં આવેલ મંજુરી અનુસાર કોમન સ્ટેચ્યુટસ ફોર એગ્રીકલ્ચરલ યુનિવર્સિટીઝ ઓફ ગુજરાતના સ્ટેચ્યુટ નં. ૧૨૧ની વિવિધ આઇટમોમાં દર્શાવ્યા પ્રમાણે જે અધિકારીને ખરીદી માટે જેટલી નાણાંકિય સતા એનાયેત થયેલ હોઇ તેટલી રકમની બીડ માટે તે અધિકારી ઉપરોકત વિગતે ખરીદી માટે સક્ષમ અધિકારી તરીકે સર્ટીફીકેટ ઇસ્યુ કરવાનું રહેશે. વધુમાં, સદર પરિપત્રનો અમલ GeM અંતર્ગતની ખરીદી માટે કરવાનો રહેશે.

જા.નં. આ.કૃ.યુ/સં.નિ./ ટી.૧/ ૬૨૦૩૩ /૨૦૨૧
તા.0૮ /03/૨૦૨૧

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

<u>નકલ રવાના પ્રતિ,</u>

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ
૨. કુલસચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ
3. આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારૂ